
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ




પુસ્તક ૮૧ મું
અંક ૬–૭
૫ મે

ચૈત્ર–વૈશાખ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઇ. સ. ૧૯૬૫


(૧૦૩) वित्तेण ताणं न लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था ।
दीवप्पणट्ठे व अणंतमोहे, नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥३॥

૧૦૩. આ રીતે ધનને ભેગું કરનાર પ્રમાદી મનુષ્ય આ લોકમાં અથવા પરલોકમાં ધન વડે પોતાનો બચાવ કરી શકતો નથી. જેમ દીવો હોય ત્યારે બધું પ્રકાશમાન થયેલું દેખાય છે, અને દીવો બુઝાતાં પ્રકાશમાન થયેલું પણ કશું જ દેખાતું નથી, તેમ એવા અનંત મોહવાળા પ્રાણીનો વિવેકદીપક બુઝાતાં તે, પ્રકાશિત–દેખાયેલા–ન્યાયમાર્ગને પણ જાણે અપ્રકાશિત–અણદેખાએલો–સમજીને ચાલે છે અર્થાત્ એવો મોહી પ્રાણી, ન્યાયમાર્ગ તરફ આંખ આડા કાન કરીને જ કેમ જાણે વર્તતો હોય.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી જૈન ધર્મ પ્રકાશ ::વર્ષ ૮૧ મું::** વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | વીશ વીરહમાન પ્રભુના લંછન | ( ભાસ્કરવિજયજી મહારાજ ) | ૪૯ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૬ | ( સ્વ. મૌક્તિક ) | ૫૦ |
| ૩ | માનવ નાટકિયો છે ? | ( 'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ ) | ૫૨ |
| ૪ | તેર કાઠિયા | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા ) | ૫૫ |
| ૫ | આનંદઘનજીકે કતિપય અપ્રસિદ્ધ પદ | ( અગરચંદ નાહટા ) | ૫૯ |
| ૬ | સમાલોચના .... .... .... .... | ટાઈટલ પેજ | ૪ |



શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરનું નૂતન પ્રકાશન

**શ્રી વિજયલક્ષ્માસૂરિ વિરચિત**

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઈએ તેઓ નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવશે તેમની પાસેથી ત્યાર પછી રૂા. ૨) જ લેવામાં આવશે, જ્યારે પાછળથી લેનાર માટે બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે. દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું-ચૌદ નિયમનું-ચાર પ્રકારનું અનર્થ-દંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે.

(૧) ચોસઠ પ્રકારની પૂજા અર્થયુક્ત ૩-૦૦ (૨) નવપદજીની પૂજા ૦-૫૦ (૩) નવાણું પ્રકારની પૂજા ૦-૫૦ (૪) પાર્શ્વનાથ પં. પૂજા ૦-૬૦ (૫) બારવ્રતની પૂજા ૦-૫૦ (૬) અંતરાયકર્મની પૂજા ૦-૬૦ (૭) ધનપાળ પંચાશીકા ૦-૨૫ (૮) બાર ભાવનાની સજ્ઝાય ૦-૨૫ (૯) પં. વિરવિજયજી જન્મ ચરિત્ર ૦-૨૫ (૧૦) સુમિત્ર ચરીત્ર ૦-૨૫ (૧૧) શ્રાવક યોગ આચાર વિચાર ૦-૨૫ ( પોસ્ટેજ અલગ )

લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૬–૭
ચૈત્ર–વૈશાખ
વીર સં. ૨૪૯૧
વિક્રમ સં. ૨૦૨૧

## વીશ વીહરમાન પ્રભુના લંછન

વૃષભ લંછન સીમંધર સ્વામી, યુગમંધર ગજથી સોહે;
બાહુ જીનને લંછન મૃગલો, સુબાહુ કપીથી સોહે.

સુજાત જીનને સૂર્ય લંછન, સ્વયં પ્રભને ચંદ્ર જાણો;
રૂષભાનનને હરી લંછન, અનંત વીર્ય ગદ પ્રમાણો.

સુરપ્રભ ને અશ્વ લંછન, વીશાળ જીનને રવિ જાણું;
વજા ધરને શંખ જ સોહે, ચંદ્રાનનને ધોરી વખાણું.

ચંદ્ર બાહુને કમળ સુંદર, ભૂજંગને પણ એજ છે;
ઇશ્વરને શશી લંછન, નેમ પ્રભુને સૂર્ય તેજ છે.

વીરસેનને પોઠીયો પેખો, મહાભદ્રને હસ્તી હોય;
દેવજસાને સોમ લંછન, અજીત વીર્ય સ્વસ્તીક જોય;

વીશ વીહર માનના એ લંછન, ચીંતવી ઓળખો દેવાધીદેવ;
બૃદ્ધી વૃદ્ધિ ધર્મ ભક્તિથી, કંચન ભાસ્કર પામે સેવ.

ભાસ્કરવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૬

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

આ બે ઉપરાંત ત્રીજું અવધિજ્ઞાન છે. તેમાં સાકાર વસ્તુનું જ્ઞાન અમુક મર્યાદાએ હદની અંદર થાય છે. આ સાકાર વસ્તુના જ્ઞાનને અવધિજ્ઞાન કહેવામાં આવે છે. તીર્થંકરો આ ત્રણે પ્રકારના જ્ઞાન સહિત ઉપજે છે, તેઓ જો ઉપયોગ મૂકે તો પરિણામ પણ જાણી શકે છે, પણ પોતાના સ્થિર રહેવાનું પરિણામ શું આવશે તેના તરફ મહાવીરના–વર્ધમાનના જીવે વિચાર જ કર્યો નહિ, એવો વિચાર કરવાનું તેઓને કાંઇ કારણ હતું નહિ, તેથી પોતાની શક્તિ તે જાણવાની હતી, છતાં તેમણે ઉપયોગ ન મૂકયો.

ગર્ભહરણ વખતે પણ પોતાનો ગર્ભ હરાઇ જવાનો છે તે પોતે જાણતા હતા, હરાઇ ગયા તે પણ જાણતા હતા, પણ જ્યારે હરાય છે તે તે જાણી શકતા નથી, કારણ કે તે વાત તો એક સમયમાં જ બને છે, અને અવધિજ્ઞાનનો ઉપયોગ એક સમયમાં થતો કે મૂકાઇ શકાતો નથી, તે તો અસંખ્ય સમય લે છે તેટલો ઉપયોગ તો કેવળજ્ઞાનનો જ હોય છે. આ જ્ઞાનના સંબંધમાં આગળ ઉપર પણ હકીકત આવવાની છે તે વખતે પાંચે જ્ઞાન અને મતિજ્ઞાનને અંગે બુદ્ધિના પ્રકારને અંગે સંપૂર્ણ વિગતવાર વાત કરશું. પ્રસ્તુત વાત ગર્ભમાં સ્થિરતા અને તેનાં પરિણામને અંગેની છે તે હવે આપણે વિચારીએ.

સારા આશયથી કરેલ કામ કેટલીક વખત ભારે ખરાબ પરિણામ લાવી ઊલટું અનિષ્ટને વધારી મૂકે છે તેનો દાખલો પણ વિચારવા યોગ્ય છે. મહાવીર તો ઘણા સારા આશયથી ગર્ભમાં સ્થિર રહ્યા, પણ તેમની માતાને આ સારા આશયથી કરેલું સારૂં કામ ઊલટું જ નીવડયું અને તેમણે તો ધમાલ કરી મૂકી. તેમને મનમાં થયું કે પોતાનો ગર્ભ હરાઇ ગયો છે, તે ગળી ગયો છે અથવા કોઇ અન્ય સ્થાનકે ચાલ્યો ગયો છે અથવા મૃત્યુ પામ્યો છે. ગર્ભ પહેલા કંપાયમાન થતો હતો અને હવે તો બિલકુલ હલતો ચાલતો નથી, તેનું કારણ તેમણે આ જ કલ્પ્યું.

આ વિચારને પરિણામે ત્રિશલા રાણીને ઘણો કલેશ થવા લાગ્યો અને ખિન્નચિત્તમાં સમય પસાર કરવા લાગ્યા. પોતે અન્યનો ગર્ભ સંહરણ કરીને તેને પાળતા હતા તેથી તેમને વિચાર થયો કે આ તે શું થવા બેઠું છે. તેઓ વિષાદમાં રડવા લાગ્યા, માથા કૂટવા લાગી ગયા અને પોતાની જાતને ભાગ્યહિન માનવા લાગ્યા. પછી તેમણે પોતાની જાતને અનેક ઓલંભા દીધા અને આવા સુંદર સિંહ હાથીથી સૂચિત ગર્ભને પોતે પાળી ન શકયા, રાખી ન શકયા તે માટે અત્યંત ખેદ ધરવા લાગ્યા. પછી તો તેને અનેક વિચાર આવ્યા: પોતે શું ગયા ભવમાં પક્ષીઓના ઈંડાંઓને વિછોહ્યાં હશે કે બાળહત્યા કરી હશે? પોતાની શોકોનાં બાળકોને ખરાબ ચિંતવ્યા હશે કે પોતે જ પોતાનું શિયળ ગયા ભવમાં ખંડિત કર્યું હશે? આવા અને આને મળતા અનેક વિચારો ત્રિશલા રાણીને થયા. સાતમે મહિને આ બનાવ બન્યો. અનેક સખીઓ ગર્ભ કુશળતાના સમાચાર પૂછવા આવી તેને પણ તેણે એવો જ જવાબ આપ્યો કે ગર્ભ કુશળ હોય તો બીજું શું જોઇએ? આવી રીતે પોતાની જાતને આવી રીતે અનેક પ્રકારની નિર્ભંસના કર્યા પછી છેવટે રાણી રડી પડ્યા અને વિચારવા લાગ્યા કે આ સર્વ પોતાનો જ દોષ છે. છિદ્રવાળા ઘડામાં પાણી ન રહે તેમાં સમુદ્રનો શો દોષ? વસંત ઋતુમાં સઘળી વનસ્પતિ પલ્લવિત થાય તે વખતે કેરડો સુકાઈ જાય તેમાં વસંત ઋતુનો શો દોષ? પછી તેમની આંખમાં શ્રાવણને ભાદરવો ચાલ્યો, આંખો અશ્રુથી ભરાઈ ગઈ. રાજા સિદ્ધાર્થે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આ વાત જાણી ત્યારે તેમને પણ જરા ક્ષોભ થયો, આખું રાજકૂળ શોકમાં પડી ગયું અને રાજદરબારમાં શોકની લાગણી છવાઇ રહી.

ભગવંતે પોતાના અવધિજ્ઞાનથી આ હકીકત જાણી. તેઓ વિચારવા લાગ્યા કે મોહની ગતિ અતિશય વિચિત્ર છે. મેં જે ગુણને માટે કર્યું તે ઊલટું દોષરૂપ નીવડયું. વ્યાકરણના નિયમે દુષ્ ધાતુને ગુણ કરવાથી દોષ થાય છે તેમ માતાના સુખને માટે કર્યું તે ઊલટું ખેદને માટે થયું. નાળિયેરના પાણીમાં કપૂર જેવી વસ્તુ નાખવાથી તે પાણી ઝેરમય થઈ મૃત્યુ નિપજાવનાર થાય છે. આ પ્રમાણે ભાવી પાંચમા આરામાં ગુણ પણ દોષ કરનાર થશે. આ પ્રમાણે વિચાર કરી માતાને સુખ આપવા અને દુઃખ નિવારવા પોતાનો પગ ચલાવ્યો અને કંપવા લાગ્યા. આ પ્રમાણે પ્રભુ ચાલ્યા એટલે ત્રિશલા રાણીને હર્ષ થયો. આવી રીતે પોતાને હર્ષ થયો એટલે આખું રાજકૂળ પણ આનંદમાં આવી ગયું

આ વખતે પ્રભુએ વિચાર કર્યો કે-હજુ તો મારો જન્મ પણ થયો નથી, અને તેમ છતાં દરબારીઓને અને ખાસ કરીને માતાપિતાને મારા પર આટલો બધો સ્નેહ થાય છે, તેઓના સ્નેહનું કાંઇ મૂલ્ય નથી ત્યારે મારો જન્મ થશે ત્યારે તો કેટલી સ્નેહમાં વૃદ્ધિ થશે માટે જ્યાં સુધી મારા માતા અને મારા પિતા જીવતા હશે, હયાત હશે ત્યાં સુધી મારે દીક્ષા લેવી નહિ—અણગારપણું ધારણ કરવું નહિ. આવો સંકલ્પ કરીને પ્રભુ શરીર ચલાવતા રહ્યા.

અનેક ટીકાકારોએ માતપિતા તરફ બહુમાન રાખવા માટે આ બનાવ પર ટીકા કરી છે. તેઓએ જણાવ્યું છે કે પશુઓ માતા જ્યાં સુધી તેમને ધવરાવે ત્યાં સુધી સ્નેહ રાખે છે, અધમ માણસો સ્ત્રી-પત્નીનો પોતાને સંયોગ ન થાય ત્યાં સુધી માતા પર સ્નેહ રાખે છે, પણ મધ્યમ માણસો ત્યાર બાદ પણ માતા ઘરનું કામકાજ કરે ત્યાં સુધી હેત તેના પર રાખે છે, પણ ઉત્તમ માણસો તો તેઓ જીવે ત્યાં સુધી સ્નેહ રાખે છે. આ રીતે ઉત્તમ માણસો તો માતાપિતાને લોકતીર્થ હોય તે પ્રમાણે માન આપે છે.

પણ આ એકાંત પક્ષ છે. જ્યારે અનેક લોકનું હિત કરવાની બુદ્ધિ થાય ત્યારે વાત જુદી છે. મરૂદેવા માતાએ રડીને આંખનું નુર ગુમાવ્યું, પણ ઋષભદેવ પાછા આવ્યા નહોતા અને આ તો ત્રણ જ્ઞાનના ધણી હતા, માબાપનો ઉત્સર્ગ કાળ પણ જાણતા હતા, તેથી ભગવંતનો આ દાખલો લઈ કોઇએ આત્મધર્મનું મહાન કામ છોડી દેવા જેવું નથી, એકાંત દાખલાનું અનુકરણ થાય નહિ અને કરવા જતાં જે વિશેષ ધર્મ બજાવવાનો છે તે મોહનીય કર્મને જોરે અટકી જાય, તેથી અનેકને લાભ કરનાર ચારિત્રરાજની અપેક્ષાએ પ્રતિબંધ ન થાય તેની સંભાળ લેવી અને વિશેષ અને ગૌણની નજરે વિશેષ ધર્મ સ્વીકારવા નિર્ણય કરવો એ વધારે ઠીક લાગે છે. નહિ તો માતપિતા વગેરે અનેકના તરફથી પ્રતિબંધ થાય તો તો આખો ચારિત્રધર્મનો માર્ગ અટવાઈ જાય અને સામાન્ય ભોગને અંગે વિશેષ લાભ અને અનેકને થતો લાભ ગૂંચવણમાં પડી જાય, તેથી આ દૃષ્ટાંત સમજવા યોગ્ય છે, પણ આપણને ત્રીજા પ્રકારનું જ્ઞાન નથી, તેથી લાભાલાભનો જરૂર વિચાર કરવા યોગ્ય છે અને આદીશ્વર ભગવાનનો દાખલો અનુકરણ કરવા યોગ્ય છે તે વિચારવો અને તેનું અનુકરણ કરવું. તે પણ પ્રથમ તીર્થંકર જ હતા, અને તીર્થંકરના દાખલા સામે તીર્થંકરનો દાખલો મૂકી શકાય. આ સંબંધમાં એકાંત નિશ્ચય કરવા યોગ્ય આ અતિ મહત્વની બાબત નથી, તેથી લાભાલાભનો વિચાર કરવો આ પરસ્પર સંબંધક ફરજનો અગત્યનો સવાલ છે. જ્યારે જનયજ્ઞ કરવાનો હોય ત્યારે વ્યક્તિગત આહૂતિ આપવી એ યોગ્ય છે કે નહિ તે ઘણો અગત્યનો સવાલ છે. જનયજ્ઞને અંગે વ્યક્તિગત આહૂતિ આપવામાં વાંધો નથી અને આ કાળમાં પ્રાણીને અવધિજ્ઞાન થતું નથી, તેથી માબાપ પ્રથમ જશે કે પોતે તેમની પહેલાં ચાલ્યા જશે તે તો પ્રશ્ન જ રહે છે. આવી શંકામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવ નાટકિયો છે?

( લેખકઃ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

આપણે બધા સ્ત્રી કે પુરૂષ બધા જ નાટકિયા છીએ એમ જો કહેવામાં આવે તો એ કોઇને પણ ન ગમે એવી વસ્તુ છે. શું આપણે બધા નટ કે નાટકિયા છીએ? નટ કે નટીને કોઇ પણ પોતાથી જુદો વેશ ભજવવો પડે છે. જે વેશ એણે લીધો હોય તેવા ભાવ મોઢા ઉપર જણાવવા પડે, હાવભાવ તે વેશને અનુકૂળ કરવા પડે. અને મોઢામાંથી તે વેશને અનુકૂળ શબ્દો બોલવા પડે. શૃંગાર, વીર, કરૂણ કે શાંતરસમાંથી જે રસનો આવિષ્કાર કરવો હોય તેવો બધો જ દેખાવ કરવો પડે. હસવું, રડવું, ક્રોધહીન દીનવાણી ઉચ્ચરવી વગેરે પ્રસંગાનુસાર બધું કામ કરવું પડે. નટોને તો ખાસ અભિનયની કેળવણી લેવી પડે. એવું તો આપણે કાંઈ કરતા નથી. ત્યારે આપણે નાટકીયા છીએ એ કેમ સિદ્ધ થાય? એ પ્રશ્નનો જવાબ આપણે મેળવવો જોઇએ.

આપણે નટ છીએ કે કેમ એનો જવાબ સ્હેજે મળે એમ છે. જરા મન સ્થિર રાખી આપણે વિચાર કરતા જણાશે કે, એક જ માણુસ પિતા હોય છે તે જ પુત્ર પણ હોય છે. પ્રપિતા એટલે દાદા હોય છે, તેમ પૌત્ર એટલે નાનિયો પણ હોય છે. તેમ જ એ જ માણુસ સસરો હોય છે તેમ જમાઈ પણ હોય છે. દુકાન ઉપર એ શેઠ ગણાય છે, પણ બજારમાં એ ગ્રાહક બની જાય છે. ઘરે આવતા પરોણાઓનો સ્વાગત કરનારો એ યજમાન હોય છે, અને બીજાને ઘેર એ વેવાઇ, જમાઈ અગર મોંઘેરો મેમાન બની પૂજાય છે. જ્ઞાની અને આગેવાન હોય છે ત્યારે સભામાં પ્રમુખનું કર્તવ્ય એ કરે છે અને વકતા તરીકે પણ માન મેળવી શકે છે. કોઈ પ્રસંગે એ સાહુકાર હોય છે ત્યારે અન્ય પ્રસંગે એ દેવાદાર તરીકે વર્તે છે. એવા તો હજારો વેશ એણે ભજવેલા હોય છે. શું એ બધા પ્રસંગોએ કેવી રીતે વેશ ભજવવો એની કેળવણી એણે લીધેલી હોય છે? અર્થાત્ અનંત વેશ ધારણ કરી અનેક રીતે મુખાકૃતિ બદલી જુદા જુદા પ્રસંગે જુદી જુદી ભાષા વાપરવી અને તે પ્રસંગને ઉચિત એવો અભિનય કરી વેશ ભજવવો એ ગુણ જન્મજાત મનુષ્યમાં હોય છે. તેથી જ તેને નટની ઉપમા સાર્થ રીતે આપી શકાય તેવી છે. માણુસ જન્મે ત્યારે તે બાલોચિત કાર્ય કરે છે અને આપણી દૃષ્ટીમાં અજ્ઞાનજન્ય આચરણ કરે છે જરા જરા વાતોમાં રડી પડવું, નવા નવા ખેલ કુતુહલ અને રમકડા સાથે નાચવું કુદવું અને થોડી જ વારમાં એ રમકડાને ભાંગીતોડી

---

પોતે પરભવમાં ચાલ્યો જઇ સંસારમાં રખડી ન જાય અથવા તેમ થવાની શકયતા ઊભી રહે એ વાતનો વિચાર કરતાં આ સંબંધક ફરજને અંગે જ્યારે સારી જનતાને અંગે ત્યાગ કરવાનો હોય, તેવે વખતે પોતાનો વ્યક્તિગત ભોગ આપવાનો નિર્ણય કરવો. આ રીતે જ્યારે સર્વ ક્રોધ માન રાગ–દ્વેષાદિ પર વિજય મેળવવાનો એક બાજુ પ્રસંગ હોય અને બીજી બાજુ માતપિતા ટળવળતા હોય, ત્યારે જનતાના હિતને અંગે ત્યાગ કરવાની વાત વધારે યોગ્ય લાગે છે. એટલે તેની જ પસંદગી કરવાની રહે છે. બાકી સંસારમાં તો ઘણાં સગાં થવા આવે છે. બ્હેન, ભાઇ, ફઇ, કાકો, મામો મામી અને સાળો સાળી વગેરે અનેક સાચો કે કૃત્રિમ પ્રેમ દાખવે છે, પણ એ કોઈ વ્યાધિનો પ્યાલો પીનાર નથી અને તેમાંના કોઇ ખાતર સંસાર વધારવો અને ફેરામાં પડી જવું કે પડ્યા રહેવું તે તો કોઇ દ્રષ્ટિએ યુક્ત નથી. આ સંસારમાં માત–પિતાનો સવાલ જ ઘુંચવે છે અને તેનો ફેંસલો ઉક્ત પ્રમાણે કરી વિશેષ હિતની નજરે માતપિતાની વિરૂદ્ધ ફેંસલો કરવો એ એકંદરે વિચાર કરતાં સમસ્ત રીતે યોગ્ય જણાય છે.

( અનુસંધાન પેજ ૫૭ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી ક્ષણે તો ભૂલી જ જવાનું. એવા એવા અનેક ખેલો બાળકો કરી બતાવે છે. અને આપણે મોહવશ થઇ તેનું કૌતુક કરતા રહીએ છીએ. એ બાલ્યાવસ્થા વટાવી ગયા પછી એ જ બાળકને ભણવા માટે અને યોગ્ય વર્તન કરી સીધો ચાલવા માટે તાડના તર્જના પણ કરીએ છીએ. એમ કરતા એ ન માને તો એનો તિરસ્કાર પણ આપણે કરીએ છીએ. માનવ એ જ છતાં એની ભૂમિકા હવે બદલાઇ જાય છે અને નાટક જુદી રીતે ભજવાયાઃછે. તે જ માણસ યુવાન થતા તેની સાથેના વર્તનમાં હવે આપણો અભિનય ઘણો બદલાઇ જાય છે. આમ અનુક્રમે એ જ માણસ માન આપવા લાયક પણ અને અગર તિરસ્કારને પાત્ર પણ થાય. એ આપણો નિત્ય અનુભવનો વિષય છે. એ ઉપરથી પણ સ્પષ્ટ રીતે જોવામાં આવે છે કે, માનવ એ સાચે જ નટ છે, નાટકીયો છે, અને નિત્ય અવસરે નાટક ભજવે જ જાય છે. આપણે પોતે જો ઊંડો વિચાર કરીએ તો સ્પષ્ટ જોવામાં આવશે કે, આપણે પોતે પણ એક નટ જ છીએ. અને અનેક વેશ પહેરી, મુખાકૃતિ ફેરવી, ભાષા ફેરવી અને અભિનય કરી નાટકીયાનું કાર્ય કરતા જ રહીએ છીએ. તેથી જ આપણને કોઇ કહે તો તેમાં ખોટું લાગવા જેવુ કાંઇ કારણ નથી.

આ વેશ પલટાની અને આપણા જ્ઞાનમાં અને આચરણમાં સુધારો વધારો કરવાની અગર તેમાં ઘટાડો અગર વિકૃતિ ઉત્પન્ન કરવાનું કાર્ય તો આપણે જન્મજન્માંતરથી કરતા આવ્યા છીએ. આ વેશાંતર અને નાટકની ક્રિયા આપણા મનમાંથી જરા બાજુ ઉપર મૂકી આપણે વેશાંતર કરનારા સાચી રીતે કોણ છીએ અને શા માટે આ વેશપરિવર્તનની ક્રિયા કરીએ છીએ એ જાણવા માટે જેમને અંતર્મુખ થઈ વિચાર કરવા માંડ્યો તેઓ જ પોતાનું સાચું સ્વરૂપ ઓળખી શકયા. તેઓએ વિચાર કર્યો કે આ બધા વેશ પલટામાં આપણું સ્થાન કયાં છે? અને સાચી રીતે આપણે કોણ છીએ? એ વિચાર આપણામાં જાગે તો જ આપણે કોણ છીએ એ શોધી શકીએ અને એ શોધ થઇ જાય તો આપણું સાચુ સ્વરૂપ સ્પષ્ટ જોવામાં આવે.

નાટકમાં નટનું કામ કરનારો માણસ એક વખત રાજા તરીકે લોકોની આગળ દેખાવ કરે છે. ત્યારે બીજી વખતે હજુરીઆનો વેશ ધારણ કરી આવે છે. કોઇ વખત સહપ્રવૃત્ત સજ્જન તરીકે દેખાવ કરે છે ત્યારે બીજી વખત ખલનાયક થઇ પાપાચરણ કરનારા તરીકે અભિનય કરી બતાવે છે. એક વખત જ્યારે લોકો એને જોઇ પૂજ્યભાવ બતાવે છે ત્યારે બીજી વખત એ બધાઓના ફીટકારને પાત્ર થાય છે. એક વખત નાટક ચાલતુ હતુ ત્યારે એક નટ ખલપણાની ભૂમિકા ભજવતો હતો અને અમુક વાત કરવાની પ્રતિજ્ઞા લેવા તૈયારી બતાવતો હતો, ત્યારે પ્રેક્ષકમાંથી એક પ્રસિદ્ધ વકીલ સ્ટેજ ઉપર એકદમ કુદકો મારી ચઢી ગયો અને એ નટની પીઠ ઊપર પોતાની લાકડી મારી બેઠો. આ જોઇ બધા લોકો આશ્ચર્ય પામ્યા.. બીજા નાટકિયા અંદરથી દોડી આવ્યા અને વકીલને અંદર લઈ ગયા. સાચી સ્થિતિનું એને તરતજ ભાન થઇ આવ્યું અને તે પોતાના અનુચિત કાર્ય માટે પશ્ચાત્તાપ કરવા માંડયો. ત્યારે પ્રતિજ્ઞા લેનાર નટે જાહેર રીતે એને કહ્યું કે, તમે મને લાકડી મારી તેથી હું એમ સમજુ છું કે, તમે મારા નાટ્ય માટે મને સાચેજ સર્ટીફીકેટ આપ્યુ છે. હું તો મારી નાટ્ય-કલાની પ્રશંસા થઇ સમજી ખુશી થયો છું અને મારી કલાની એક ભણેલા વિદ્વાન ગૃહસ્થ તરફથી કદર કરાઇ છે એમ માનુ છું. આમ છતાં પેલો નટ પોતાને તો ઓળખતોજ હતો અને પોતાના પગારની રાહ જોતો હતો. આ પોતાનો વેશ ક્ષણવાર માટેનો છે એ સારી પેઠે જાણતો હતો.

આપણે અનેક વેશ ભજવતા હોઇએ છીએ. અંતઃકરણપૂર્વક ભજવતા હોઇએ છીએ. પોતાને ભૂલી ભજવતા હોઇએ છીએ. પણ જેમ નટને પોતે નોકર છે એવું ભાન હતું, તેવુ આપણને આપણે કોણ છીએ એવું ભાન હોતું નથી. આપણે કોણ છીએ અને આપણું પોતાનું સાચુ સ્વરૂપ શું છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનો જો આપણને બોધ થઈ જાય તો આપણા આ માનવ જન્મનું સાફલ્ય થઈ જાય.

આપણે કેવા કેવા વેશ પલટા કરતા આવ્યા છીએ એનો જરા સમજુ દૃષ્ટિથી લાંબો વિચાર કરતા આપણે કોઇ અનેરો દેખાવ જોવામાં આવે તેમ છે. આપણે તો પ્રથમ નિગોદના સ્તબ્ધ સંગ્રહમાંથી કુટાતા પીટાતા કોઇ ભવિતવ્યતાના યોગે સ્થગિતિની અવસ્થામાંથી ચોરાશી લાખ જીવયોનીમાં પ્રવાસ શરૂ કર્યો એકેંદ્રિયાદિ દરેક ઇંદ્રિયમાંથી પસાર થતા અનંતી વાર સ્વર્ગ નર્કના ફેરા કરતા એક કંદુકની માફક ઉત્ક્રાંતિ અને અપક્રાંતિના ઝોલા ખાતા આ માનવ ભવમાં આવી ઉભા રહ્યા છીએ. આપણી સાચી ઓળખાણ તો આ આ ભવમાં જ થવાનો સંભવ છે. આપણે નાટકીઆનો વેશ ભજવીએ છીએ છતાં આપણે મૂળમાં કોણ છીએ અને આપણું સાચુ સ્વરૂપ કેવું છે એની ઓળખાણ મેળવવાના સાધનો તો અહીં આજ વિદ્યમાન છે. આપણે ભાગ્યયોગે ઇંદ્રિયો સાથે મન અને બુદ્ધિનો યોગ મળેલો છે. તેનો જો સમજીને યોગ્ય માર્ગે ઉપયોગ કરવામાં આવે તો આપણું પોતાનું સ્વરૂપ કેવુ છે એની ઓળખાણ મળવાનો સંભવ છે. એ માટે આપણે બધી ઇંદ્રિઓના કાર્યો થોડા વખત માટે બંધ કરી દેવા જોઇએ. એના બાહ્ય બધા કાર્યોમાંથી આપણું મન ખેંચી લેવું જોઇએ. અને અંતર્મુખ થઇ આપણા જ્ઞાનચક્ષુઓ જે આપણે બંધ કરી ચર્મ-ચક્ષુઓનાજ ભરોસે આપણી બધી ક્રિયા કરી રહ્યા છીએ તેને ખુલા કરી જ્ઞાનચક્ષુઓથી જોવા માંડવું જોઇએ. જેમકે આપણું નાટય બંધ થઈ આપણું સ્વરૂપ જાણી લેવાની તક આપણને મળશે. અને ત્યાર પછી આપણે જુદા જુદા વેશ ભજવીએ છીએ તે આપણે કૃત્રિમ રીતે અને પરવશ થઈ ભજવી રહ્યા છીએ એમ આપણા અનુભવમાં આવશે. હું કોઈ હેમચંદ, પ્રેમચંદ અગર ખેમચંદ નથી. કોઇ કાકા મામા કે સસરો જમાઈ નથી, હું કોઈ શેઠ કે વાણોતર નથી. હું વેપારી કે નોકર નથી. હું અધિકારી કે સિપાઈ નથી. હું કોઇ ગુરુ કે શિષ્ય પણ નથી. એ તો મારા કૃત્રિમ વેશ છે. અને એ મને અવાર-નવાર બદલવા પડે છે. તેથી મારૂ એ સાચુ સ્વરૂપ તો નથીજ. હું તો જુદા જુદા વેશ ભજવનારો એકજ શુદ્ધ બુદ્ધ આત્મા છું. અને જુદા જુદા વેશથી મારૂં નામ કૃત્રિમ રીતે બદલાતુ રહ્યું છે. એ વેશ ભજવવાનું અને તે મુજબ નાચતા રહેવાનું બંધ થઇ જાય તો કેવું સારૂ ? એવા વિચારો આપણા મનમાં આવવાનો સંભવ છે. અને એવો વિચાર આવતા એ આપણું સ્વરૂપ ઓળખવાના ઉપાયો શોધી કાઢવાનું આપણે લાગશે. પરમકૃપાળુ જ્ઞાની ભગવંતોએ એવા ઉપાયો બતાવેલા છે. આપણા પ્રયત્નોનીજ એમાં ખામી છે. એ આપણી ખામી શી રીતે દૂર થાય તેનો વિચાર આપણે કરવો પડશે.

પહેલા તો આપણા તરણ તારણ આદર્શ જગતને ધર્મમાર્ગ બતાવનારા અરિહંત ભગવંત ઉપર આપણે અનન્ય ભાવપૂર્વક શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો પડશે. તેમજ જ્ઞાની ત્યાગી અને સંયમી દેવની ઓળખાણ કરાવી આપનારા પરમ કારૂણિક સંત ગુરૂ ઉપર સંપૂર્ણ ભરોસો રાખવો પડશે. તેમજ તેમણે બતાવેલા ધર્મ ઉપર પણ શ્રદ્ધા રાખવી પડશે. એવી રીતે દેવ ગુરૂ અને ધર્મની ઓળખાણ અને તેના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખવી જોઇએ. તેમના અવલંબન વિના મને આ નાટ્ય અભિનય અને વેશમાંથી ઉગારનાર કોઇ નથી. તેમના માર્ગદર્શનમાંજ મારૂ આત્મ કલ્યાણ સમાએલું છે. એવી મનોભૂમિકા તૈયાર કરવી પડશે. એટલે આત્માના કે પોતાના સ્વરૂપદર્શનની ભૂમિકા તૈયાર થઇ જશે. એને જે શાસ્ત્રીય ભાષામાં 'દર્શન' અગર સમ્યકત્વ કહે છે. આ ભૂમિકા પછી એ સમ્યકત્વનું જ્ઞાન થવાની જરૂર છે. તે માટે સદ્‌ગુરૂનો સહવાસ, શાસ્ત્ર શ્રવણ, મનન અને નિદિધ્યાસ આપણામાં પરિણત કરવું પડશે. અને આ બધુ સમજ્યા પછી અને એનું જ્ઞાન થયા પછી એ માટે પોતાની આચરણા તેને અનુસરી કરવી પડશે. અને આ બધુ યથા યોગ્ય રીતે જ્યારે ચાલશે ત્યારે આત્માની અર્થાત્ પોતાની ઓળખાણ થતાં વાર નહીં લાગે. નટપણાનો અંત એવી રીતે આવવાનો સંભવ છે. એ જાણી દરેકે સમ્યક્ દર્શન જ્ઞાન અને ચારિત્રનો માર્ગ યથાશક્ય સ્વીકારવો. એ માર્ગ બધાઓને સુલભ થાય એજ અભ્યર્થના !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તેર કાઠિયા

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

પ્રત્યેક વિષયના શાસ્ત્રીય નિરૂપણમાં પારિભાષિક શબ્દોની યોજના આવશ્યક હોઇ એવા શબ્દો યોજાય એ સ્વાભાવિક છે.

ધર્મ એ માનવ જીવન સાથે ગાઢ સંપર્ક ધરાવે છે. એ તેમ જ માનવજીવન પણ આચાર અને વિચારની ફૂલ ગૂંથણી રૂપ છે. જૈન ધર્મમાં આચાર મહત્ત્વનો ભાગ ભજવે છે. આ આચાર ધર્મના શ્રવણ સાથે સંકળાયેલો છે-બલ્કે એ શ્રવણ એનું ઉદ્દગમસ્થાન છે. આ શ્રવણમાં જે વિઘ્નરૂપ-અંતરાયરૂપ-આડખીલીરૂપ છે તેને જૈન સાહિત્યમાં 'કાઠિયો' કહ્યો છે. આ ગુજરાતી શબ્દ છે. એ ક્યારથી યોજાયો એ તો હું અત્યારે ચોક્કસપણે કહી શકું તેમ નથી, પરંતુ એ ત્રણસો વર્ષ જેટલો તો પ્રાચીન છે જ.

ધર્મશ્રવણમાં વિશેષતઃ વિઘ્ન કેટલાં અને ક્યાં ગણવા એ અપેક્ષાનો વિષય હોઈ એના ઉત્તરો ભિન્ન ભિન્ન હોઈ શકે. આ સંબંધમાં જૈન સાહિત્યમાં 'તેર' સિવાય અન્ય સંખ્યા કોઇએ દર્શાવી હોય એમ જાણવામાં નથી.

**ઉત્તરજ્ઝયણની** નિજ્જુત્તિની નિમ્નલિખિત ગાથામાં તેર કાહિયાનાં નામ છે:-

" आलस्स मोहऽवन्ना थम्भा
कोहा पमाय किविणत्ता ।
भय सोगा अन्नाणा
वक्खेव कोऊहला रमणा ॥ [1]१६० ॥"

આમ અહીં નીચે મુજબ તેર કાહિયાનાં નામ દર્શાવાયાં છે:-

(૧) આળસ, (૨) મોહ, (૩) અવજ્ઞા, (૪) અહંકાર (૫) ક્રોધ, (૬) પ્રમાદ, (૭) કૃપણતા, (૮) ભય, (૯) શોક, (૧૦) અજ્ઞાન, (૧૧) ચિત્તનો વિક્ષેપ, (૧૨) કુતૂહલ અને (૧૩) રમણ.

[1] ખરી રીતે આ ૧૬૧મી ગાથા છે.

ઉત્તરજ્ઝયણ અને એની નિજ્જુત્તિના સ્પષ્ટીકરણરૂપે 'વાદિવેતાલ' શાન્તિસૂરિએ **પાઇય ટીકા** રચી છે. એમાં ઉપર્યુક્ત તેરને માટે 'કાઠિયા' જેવી કોઈ સંજ્ઞા અપાઇ નથી. નિજ્જુત્તિકારે પણ મનુષ્ય ભવની દુર્લભતા કરતાં પણ ધર્મશ્રવણની દુર્લભતા અધિક છે એમ દર્શાવતાં આ તેરનો એ દુર્લભતાનાં 'કારણ' તરીકે નિર્દેશ કર્યો છે પણ એ કારણો માટે કોઈ સંજ્ઞા યોજી નથી.

વૈયાકરણ **વિનયવિજયગણિએ** શરૂ કરેલો અને એમના વિ. સં. ૧૭૩૮માં થયેલા અવસાન બાદ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજયગણિએ વિ. સં. ૧૭૪૫ પહેલાં પૂર્ણ કરેલા "શ્રીપાલ રાજાનો રાસ" નામના પુસ્તકના ચોથા ખંડની સાતમી ઢાલમાંની નિમ્નલિખિત છઠ્ઠી કડીમાં 'તેર કાઠિયા'નો ઉલ્લેખ છે:—

"મોટે પુણ્યે પામિયે જો સદ્‌ગુરુસંગ સુરંગ રે,
'તેર કાઠિયા' તો કરે,
ગુરુદર્શન ઉત્સવભંગ રે, ગુરુ. સંવેગ. ૬"

આ રાસ ગુજરાતી ભાવાર્થ સહિત **ભીમજી** ભીમસિંહ માણેકે વિ. સં. ૧૯૫૦માં છપાવ્યો છે. એમાં તેર કાઠિયાનાં નામ સ્પષ્ટીકરણપૂર્વક અપાયાં છે. એ નામો નીચે પ્રમાણે છે:—

(૧) આળસક, (૨) મોહ, (૩) અવિનય, (૪) અભિમાન, (૫) ક્રોધ, (૬) પ્રમાદ, (૭) કૃપણ(તા), (૮) ભય, (૯) શોક, (૧૦) અજ્ઞાન, (૧૧) વિકથા, (૧૨) કૌતુક અને (૧૩) વિષય.

**તેર કાઠિયાની સજ્ઝાયો**-તેર કાઠિયાને અંગે કેટલીક સજ્ઝાયો રચાઇ છે. એમાં તેર કાઠિયાનાં નામ અપાયાં છે. અત્યારે તો હું ત્રણ જ [1]સજ્ઝાયની નોંધ લઉં છું:—

[1] આ ત્રણે સજ્ઝાયો કમળાબહેન અમીચંદ તરફથી ઈ. સ. ૧૯૩૫માં પ્રસિદ્ધ કરાયેલ "**શ્રી સજ્ઝાય માળા**"માં અપાઈ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) અજ્ઞાતકર્તૃક સજ્ઝાય

(૨) કુશલસાગરના શિષ્ય ઉત્તમ(સાગર)કૃત સજ્ઝાય.

(૩) વીરવિમલના શિષ્ય વિશુદ્ધવિમલે રચેલી સજ્ઝાય.

આ પૈકી પહેલી સજ્ઝાયમાં સાત કડી છે. એનો પ્રારંભ "આળસ પહેલોજી કાઠિયો "થી કરાયો છે. એમાં તેર કાઠિયાનાં નામ નીચે મુજબ છે:—

૧. આળસ, ૨. મોહ, ૩. અવરણવાદ(અવર્ણવાદ). ૪. દંભ, ૫. ક્રોધ, ૬. પ્રમાદ, ૭. કૃપણ, ૮. ભય, ૯ શોક, ૧૦. અજ્ઞાન, ૧૧. વિકથા, ૧૨. કુતૂહલ, ૧૩. વિષય.

બીજી સજ્ઝાયની શરૂઆત "સોભાગી ભાઈ! કાઠિયા તેર નિવાર "થી કરાઇ છે અને એમાં ૧૬ કડી છે. એમાં તેર કાઠિયાનાં નામ નીચે પ્રમાણે અપાયાં છે

આળસ, મોહ અવજ્ઞા, માન ક્રોધ, પ્રમાદ, કૃપણપણું, ભય, શોક, અજ્ઞાન, અવ્યાક્ષેપક કૌતુક અને વિષય.

પંદરમી કડીમાં કહ્યું છે કે સિદ્ધક્ષેત્ર જતાં આ કાઠિયા અંતરાયરૂપ છે.

ત્રીજી કૃતિ એ તેર કાઠિયા પૈકી દરેકને અંગેની એકેક સજ્ઝાયના સમુદાયરૂપ છે. આની શરૂઆતમાં ત્રણ દોહા છે. એ પછીની તેર સજ્ઝાયોમાં અનુક્રમે કડીઓની સંખ્યા નીચે મુજબ છે:—

૧૩, ૧૧, ૧૦, ૧૦, ૧૦, ૯, ૯, ૮, ૯. ૧૨, ૯, ૧૧ અને ૧૩. આમ એકંદર ૧૪૭( ૩+૧૪૪ ) કડી છે.

**નામો**—આ કૃતિમાં તેર કાઠિયાનાં નામ નીચે પ્રમાણે દર્શાવાયાં છે:-

આળસ, મોહ, અવજ્ઞા, માન ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતો(ત)હલ અને રમણ.

**ઉલ્લેખો**– પહેલી સજ્ઝાયમાં અરણિક, અર્જુન મુનિ, અને દૃઢપ્રહારી એ ત્રણેએ આળસરૂપ ગોદડું નાંખીને ઉદ્યમ કર્યો એમ કહ્યું છે.

બીજી સજ્ઝાયમાં **સૂરીકંતા** અને ચૂલણીનો, પાંચમીમાં **બાહુબલિનો**, છઠ્ઠીમાં [1]**લાલિતાંગનો**, સાતમીમાં **શાલિભદ્ર** અને શ્રેણિકનો, બારમીમાં પાંચ પાંડવ, દ્રૌપદી, નળ અને દમયંતીનો અને તેરમીમાં મુંજ, પરદેશીરાય અને અગડદત્તનો ઉલ્લેખ છે.

દસમી ઢાલની બીજી કડીમાં કહ્યું છે કે પાણીના બિન્દુમાં અસંખ્યાત જીવ છે સમુદ્રમાં એનાથી અસંખ્યાત ગણા છે અને કંદમૂળના સોય જેટલા અગ્ર ભાગમાં અનંત જીવો છે.

**પ્રણેતા**—ત્રીજી સજ્ઝાયના પ્રણેતા **વિશુદ્ધવિમલે** વિ. સં. ૧૭૮૦(?)માં **એકાદશી સ્તવન** અને વિ. સ. ૧૮૦૪માં [2]**વીસી** એમ બે કૃતિઓ રચી છે

**તેર કાઠિયાનો નિબંધ**—આનો ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય યશોવિજયગણિ સ્મૃતિગ્રન્થ ( પૃ. ૧૯૧ )માં ઉલ્લેખ છે ખરો પરંતુ આ ન્યાયાચાર્યની કૃતિ હોવા વિષે કેટલાક શંકા દર્શાવે છે. આ કૃતિ ગુજરાતીમાં છે કે હિન્દીમાં તે જાણવું બાકી રહે છે. આ કૃતિ પ્રકાશિત કરાય તો આ તેમ જ બીજી બાબતોનો નિર્ણય થઇ શકે.

[3]**ચોમાસી વ્યાખ્યાન ભાષાંતર તથા તેર કાઠિયાનું સ્વરૂપ**—આ કૃતિ ગુલાબવિજયજીના શિષ્ય મણિવિજયજીએ વિ. સં. ૧૯૮૧માં રચી છે. એની દ્વિતીય આવૃત્તિ ( પત્ર ૬૯, આ-૯૧ )માં આળસ વગેરે તેર કાઠિયાઓનું દૃષ્ટાંતપૂર્વક એમણે સવિસ્તર નિરૂપણ કર્યું છે.

---

૧ આને લગતી પંક્તિનો આદ્ય ભાગ અશુદ્ધ હોય એમ લાગે છે ગમે તેમ પણ એનો અર્થ સમજાતો નથી:

"મધરાયક્ષતમુતુ ઉદ્ધારિકા, વિષય લલિતાંગ વગોયેરે"

૨ આ દ્વારા વીસ વિહરમાણ તીર્થંકરોનું ગુણોત્કીર્તન કરાયું છે.

૩ આ પુસ્તકની દ્વિતીય આવૃત્તિ 'બોરૂ' નામના સંઘ તરફથી ઈ. સ. ૧૯૩૬માં પ્રસિદ્ધ કરાઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે કાઠિયાને અંગેની વિવિધ કૃતિઓની રૂપરેખા પૂરી થાય છે એટલે આ લેખમાં તેર કાઠિયાનાં જે નામો વિવિધ રીતે અપાયા છે તેની સૂચી આપી હું આ લેખ પૂર્ણ કરું છું:-

૧ આલસ્સ–આળસ
૨ મોહ–મોહ
૩ અવન્ના–અવજ્ઞા, અવિનય, અવર્ણવાદ,
૪ થંભ–અભિમાન, [1]દંભ, માન
૫ કોહ–ક્રોધ
૬ પમાય–પ્રમાદ
૭ કિવિણિત્તા–કૃપણતા
૮ ભય–ભય
૯ સોગ–શોક
૧૦ અજાણ–અજ્ઞાન
૧૧ વકખેવ–વિકથા,[2] અવ્યાક્ષેપ, વ્યાક્ષેપ,
૧૨ કોઉહલ–કૌતુક, કુતૂહલ
૧૩ રમણ–વિખપ

૧ આ માટે ગ્રંથાકાર પાસે શો આધાર હશે તે જાણવું બાકી રહે છે, કેમકે અન્ય ગ્રન્થકારો તો અભિમાનનો ઉલ્લેખ કરે છે.

૨ શું આ નામ સમુચિત છે ?

વર્દ્ધમાન–મહાવીર ( અનુસંધાન પેજ ૫૨ થી શરૂ )

## પ્રકરણ પાંચમુ

### ગર્ભપાલન

મહાવીર પ્રભુના જીવને આવી રીતે હરિણગમેષી દેવે ઉપાડીને ત્રિશલાની કુખમાં મૂકી દીધો તે પછી તે ગર્ભ કેવી રીતે વૃદ્ધિ પામવા લાગ્યો તે સગર્ભા સ્ત્રીઓની દૃષ્ટિએ વિચાર કરવા લાયક છે. આગળ જણાવ્યું તેમ સંહરાવાનો છું એમ તીર્થંકર અવધિ જ્ઞાનને યોગે જાણે છે, સંહરાઈ ગયો તે પણ જાણે છે, પણ સંહરાવાનું કામ એક સમયમાં થતું હોવાથી તે હકીકત તેઓ જાણતા નથી. અવધિજ્ઞાનનો ઉપયોગ એક સમય માટેનો હોતો નથી, થઈ શકતો નથી.

નીચ ગોત્ર જે તેમણે અગાઉ બાંધ્યું હતુ તે પ્રભુને ત્યાર પછી ચોવીશ મોટા અને અનેક નાના ભવમાં ઉદયમાં આવ્યું અને કેટલાએ બ્રાહ્મણના ભવ કર્યા અને અનેક દુઃખો સહન કર્યાં અને સંસાર મોટો લાંબો લચ કરી નાખ્યો. કર્મ કોઇને ભોગવ્યાં વગર ચાલતું જ નથી. કર્મ બાંધતી વખતે પ્રાણી વિચાર ન કરે અને કર્મના ઉદય વખતે વિમાસણ કરે કે ચિંતા કરે તે પ્રાણીની નબળાઈ છે બાંધેલા કર્મ તો ભોગવવાંજ પડે, તે વખતે કરેલ પશ્ચાતાપ કે ખેદ કાંઈ ઉપયોગમાં આવતાં નથી એ પ્રાણીએ સમજવું જોઈએ. કર્મ પ્રાણી પોતેજ બાંધે છે અને જરૂર ભોગવવા પડશે એમ તેણે જાણવું જોઇએ. કર્મ બાંધતી વખતે તેના ચાર પ્રકાર મુકરર થાય છે તે આ રહ્યા : પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસ બંધ અને ચોથો પ્રદેશબંધ. એ પૈકી પ્રકૃતિ બંધમાં કર્મનો પ્રકાર કેવો છે તે નક્કી થાય છે, જે અમુક લાડવો વાને હણે, પીત્તને હણે, અમુક કફને હણે તેમ કમનો સ્વભાવ કેવો છે તે પ્રથમ પ્રકૃતિ બંધમાં મુકરર થાય છે. તે કર્મ જ્ઞાનાવરણીય છે, અથવા દર્શના વરણીય છે કે ચિત્રામણ કરનાર નામ કર્મ છે અથવા શું છે તે આ પ્રથમ પ્રકૃતિ બંધમાં મુકરર થાય છે

કર્મો આઠ પ્રકારના હોય છે: ૧. જ્ઞાનાવરણીય ૨. દર્શનાવરણીય ૩. વેદનીય (શાતા અથવા અશાતા) ૪. મોહનીય ૫. આયુષ્ય ( દેવ, નરક, તિર્યંચ અને નારકી ) ૬. નામ ( ચિત્રામણ, ) ૭. ગોત્ર અને ૮. અંતરાય.

સ્થિતિ બંધમાં તે કર્મ ક્યારે અને કેમ ઉદયમાં આવશે તેનો કાળ મુકરર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસ બંધમાં તે કર્મ ઉદયમાં આવશે ત્યારે તેની ગાઢતા કેવી હશે તે મુકરર થાય છે.

અને તે કર્મ કેટલા પ્રદેશનું બનેલું છે તે પ્રદેશ બંધમાં મુકરર થાય છે.

આવી રીતે આઠ પ્રકારના કર્મો અથવા તેના ઉત્તર ભેદ ૧૫૬ અંગે સર્વ બાબતો મુકરર થાય છે.

બ્યાશી રાત સુધી મહાવીરના જીવને-પ્રભુના જીવને નીચગોત્રનો ઉદય રહ્યો તેથી તે બ્રાહ્મણના ભિક્ષુક કુટુંબમાં ઉત્પન્ન થયા અને યાદ રાખવું કે બ્રાહ્મણકુળ નીચ કૂળમાં ગણાયું છે. મોટા ચક્રવર્તી સુભૂમ કે બ્રહ્મદત્ત જેવાને કે તીર્થંકર શ્રી ઋષભદેવને પણ કર્મે છોડયાં નથી તેથી કરેલ કર્મ તો ભોગવવાં જ પડે તેમ જણાય છે. મલ્લિનાથ સ્ત્રી પણે તીર્થંકર થયા, તે પણ એવાજ પ્રકારનાં કર્મના ઉદયે થયા અને અનેક પ્રાણીઓને કર્મ સંસારમાં રખડાવ્યા છે અને વગર દયાએ હેરાન હેરાન કર્યા છે. કર્મ કરનાર આ પ્રાણીઓ પોતેજ છે અને કર્મનાં ફળ પણ તેનેજ ભોગવવાનાં છે તે તો કોઈ હિસાબ રાખનાર અને જમે ઉધાર કરનાર કોઇ બીજી વ્યકિત નથી. અન્ય ધર્મમાં ચિત્રગુપ્તનું નામ આવે છે, તે પ્રાસંગિક કે કલ્પિત હોય તેવું લાગે છે. કર્મમાં બીજી વાત એ છે કે તેમાં જમે ઉધાર પતતું નથી એટલે જમે બાજૂ ૮૦૦) હોય અને ઉધારમાં ૫૦૦) હોય તો બાકી ત્રણસો જ રહે એમ હિસાબ થતો નથી. આખી જમે બાજૂના કુલ આઠશેએ ભોગવવા પડે છે અને ઉધાર બાજૂના પાંચશે પણ કુલ ભોગવવાં પડે છે. આ અતિ મહત્વની બાબત છે અને તે તેમજ ભોગવવાં પડે છે એ યાદ રાખવું.

અને કર્મ ભોગવવાં જ પડે છે. તે ઉદયમાં આવે તે વખતે ખેદ કે ખાર કરવો, પશ્ચાતાપ કે ગનીમત કરવી તે તદ્દન નકામી બાબત છે. કર્મ તો પોતાનું ફળ જરૂર આપે છે માત્ર કેટલાંક કર્મ, પ્રદેશોદયથી ખરી પણ જાય છે; જેમ કપડાંને નીચોવવામાં આવે અથવા પછી ઝાપટવામાં આવે અને પાણી કે ભીનાશ ઓછી થઇ જાય છે, તેમ કર્મના સંબંધમાં પણ બને છે. આતો મહાવીરના કર્મોદયને અંગે થોડી વાત કરી. બાકી વિગતો કર્મ ગ્રંથમાં આપવામાં આવી છે. કરણ વગેરે બાબતો ત્યાંથી જાણવી.

ત્રિશલા દેવીએ ગર્ભનું પાલન કેવી રીતે કર્યું તે આપણે આ પ્રસંગે વિચારીએ અને તેમાંથી ભારેવગી સ્ત્રીઓએ ગર્ભપાલન કેમ કરવું જોઇએ તે સંબંધી મળતો બોધપાઠ વિચારીએ. આ સર્વ વિચારણા પ્રસંગે યાદ રાખવું કે પ્રભુ તો ત્રણ જ્ઞાન સહિતજ ઉત્પન્ન થાય છે તેઓ જો ઉપયોગ મૂકે તો બધી હકીકત જાણી જોઈ શકે છે. અવધિજ્ઞાનનો વિષય વસ્તુના આકારનું ભૂત ભવિષ્ય વર્તમાન જ્ઞાન છે અને તે પ્રભુના જીવને પ્રાપ્ય છે, પણ જ્યારે અને જો ઉપયોગ મૂકે ત્યારે હવે આપણે ગર્ભપાલનની પ્રસ્તુત વાત પર આવી જઇએ. ( ક્રમશઃ)

ઉપાધ્યાય શ્રી. વિનયવિજયજી વિરચિત **શ્રી શાંત સુધારસ** (પ્રથમ ને દ્વિતીય ભાગ)

આ ગ્રંથ અપૂર્વ શાંત તેમજ વૈરાગ્ય રસથી ભરપુર છે. જૈન સાહિત્યમાં રાગ-રાગણી સાથે સંસ્કૃત ભાષામાં બનેલો આ એક જ ગ્રંથ છે. કર્તાએ તેના વિષયની પુષ્ટિ બહુ ઉત્તમ પ્રકારે કરી છે. તેનો અર્થ ને વિવેચન સ્વ. ભાઈ મોતીચંદ ગીરધરલાલે બહુ વિસ્તારથી લખેલ છે. આ ગ્રંથના બે ભાગમાં મળીને કુલ ૧૬ ભાવના આપેલી છે તેમાં પ્રથમ ભાગમાં નવ ભાવનાનો સમાવેશ કરેલ છે. બીજા ભાગમાં બાકીની સાત ભાવના ઊપરાંત કર્તા શ્રી વિનયવિજયજી મહારાજનુ ચરિત્ર પૃષ્ઠ ૧૬૦માં આપેલું છે. બંને ભાગ ૫૦૦ ને ૫૪૦ પૃષ્ઠના છે. કીંમત દરેક ભાગના ૩-૫૦ રૂપીયા છે. બંને ભાગ સાથે મંગાવનારે રૂા. ૯-૫૦ રૂપીયા નવ પચાસ પૈસા મોકલવા પોસ્ટેજ સહીત. લખોઃ-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आनंदघनजी के कतिपय अप्रसिद्ध पद

—ले.श्री अगरचंद नाहटा

श्वेताम्बर सम्प्रदाय के आध्यात्म मुनियों में आनंदघनजी एक योगी और उच्च कोटि के आत्मानुभवी सन्त के रूप में सर्वाधिक प्रसिद्ध है। उन्होंने ग्रन्थ रूप में तो कुछ लिखा हो मुझे जानकारी नहीं है पर उनके रचित चौवीसी के बाईस स्तवन और आध्यात्मिक पद ही प्राप्त है और उन्हीं के कारण वे इतना लोकादर व प्रसिद्धि प्राप्त कर सके। उनके रचे हुये स्तवनों के संबंध में तो यह सर्वमान्य है कि बाईस स्तवन ही उनके प्राप्त है इसीलिये अन्तिम पार्श्वनाथ और महावीर के २ स्तवन अन्य कवियोंने बना कर उनकी चौवीसी की पूर्ति की। पर 'पद' उन्होंनें कितने बनाये, इसके संबंध में कोई प्राचीन प्रमाण प्राप्त नहीं है। पदों की हस्तलिखित जो प्रतियां मिलती है उनमें भी पदों की संख्या एक समान नहीं है। साधारणतया उनके पदसंग्रहको बहुत्तरी की संज्ञा दी जाती है उससे तो उनके रचित पदों की संख्या ७२ होनी चाहिये पर ७२ पदोंवाली एक भी प्रति अभी तक कहीं भी देखने व जानने में नहीं आई। कुछ प्राचीन प्रतियों में तो पद ७२ से भी कम मिलते है और १९ वीं शताब्दी की प्रतियों में ७२ से अधिक प्राय: ८५ से ९५ की संख्या के बीच के पद लिखे हुए है जबकि भीमसी माणेक एवं अन्य प्रकाशकोंने आनंदघनजी के पदों कें जो संग्रह निकाले है उसमें उनकी संख्या ११२ तक भी पहुंच गई है। इनमें से कई पद्य तो आनंदघनजी के रचित नहीं ही है, यह सिद्ध किया जा चुका है फिर भी हस्तलिखित प्रतियों और छपे हुये ग्रन्थोंमें आनंदघन के नाम से ऐसे पद भी मिलते हैं जो ११२ में भी सम्मिलित नहीं है। निश्चयपूर्वक नहीं कहा जा सकता कि ये पद आनंदघनजी के ही है क्यों कि उनकी भाषा और शैली अन्य पदों से मेल नहीं खाती फिर भी सम्भव है ऐसे कुछ पदों में आनंदघनजी के भी पद मिल जाय इस लिये उनकी और विद्वानों की ध्यान आकर्षित करने के लिये उन्हें प्रकाशित करना आवश्यक समझता हूं। सर्वप्रथम एक हस्तलिखित पत्र में जो आध्यात्म सज्झाय के नाम से पद लिखा मिला है उसे दे रहा हूं। इसके बाद 'कर्पूर तत्व सार' नामक ग्रन्थ के पृष्ठ १८२–१८३ में जो पद्य छपे हैं उन्हें दिया जा रहा है।

कूड़ी दुनी हंदा वे अजब तमासा ॥
पांणी की भीत पवन का थंभा, बाकी कब लग आसा । कूड़ी १

झटा वधार भये नर मुनी, मगन भया जैसा भैंसा ।
चंबडी उपर खाख लगाई, फिर जैसा कर तैसा । कू. २

कोडी कोडी कर एक पइसा जोडया, जोडया लाख पचासा ।
जोड़ जोड़ कर काठी कीनी, संग न चल्या एक मासा । कू. ३



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



केइ नर विणजे सोना रूपा, केइ विणजे जुठा सारा ।
'आनंदघन' प्रभु तुमकुं विणज्या, जीत गया जुग सारा । कु. ४

(२) मना थांने किण विध तें समजाउं रे ॥ जीया थाने० ॥ ए टेर ॥
हाथी होय तो पकड़ मंगावुं, झंझीर पांव नखावुं ।
कर असवारी मावत होइ बैठुं, अंकुस दे समजाउं रे । मना १
घोड़ा होय तो पक मंगावुं, करड़ी बाग देहाउं ।
करी असवारी सखयां फेंकु, चाबुक दे समझाउं रे । म. २
सोना होय तो सोनी मंगावुं, करड़ा ताप देराउं ।
ले फुकण लागुं, पाणी ज्युं पीगलाउं रे । म. ३
लोहा होय तो एरण मंगाउ, दोय धमण से धमावु ।
मार घणा घमघोर लगावुं, यंत्र में तार कढाउं रें । म. ४
ज्ञानी होय तो ज्ञान सिखावुं, अंतर विणा बजावुं ।
आनन्दघन कहे सुन भाई मनवा, ज्योत में ज्योत मिलाउं रे । ५

## पद चरखेवाली और अंठियारो

(३) सुण चरखेवाली तेरा चरखा बोले रे हुं हुं ।
सुण अंठीया वालीं तेरा अंठीया बोले रे हुं हुं ॥ ए टेक ॥
जल में जाया थल में उपना, बस गया नगर में आप ।
एक अचंमा ऐसा देखा, बेटी जाय बापरे । सु. १
बावल मेरा ब्याव करत है, अणजाण्या वर आप ।
अणजाण्या वर नहीं मीले तो, बेटी जाय बापरे । सु. २
भाव भक्ति की रूई मंगाई, सुरत पींजावण चालो ।
ज्ञान पींजारा पींजवा बैटी, एकड़ तांत जणकाइ रे । सु. ३
सासु मरे जो नणंद मरे जो, परण्यो भी मर जाय ।
एक बडी मेरी नहीं मरे तो, चरखो दियो बताय रे । सु. ४
अंठ्या मेरा रंग रंगीला, पुणी है गुलजार ।
कातण वाली छेलछबीली, गिण गिण काढ़े तारजी । सु. ५
इण अंठिया में...हुं हुं लखे न कोइ,
'आनंदघन' या लखे विभूति, आवागमन न होय रे । सु ६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવનગરના નેક નામદાર મહારાજા સાહેબ કૃષ્ણકુમારસિંહજી સાહેબના થયેલ અકાળ અને દુઃખદ અવસાન પ્રત્યે આ સભાએ પસાર કરેલ શેક ઠરાવઃ-

ભાવનગર રાજ્યના સ્વર્ગસ્થ અત્યંત લોકપ્રિય પ્રજાવત્સલ્ય ઉદાર દિલના ધર્મ પરાયણ મહારાજા હતા. તેમના અવસાનથી સર્વે પ્રજાજનોને આદર્શ રાજવીની ખોટ પડી છે.

રાજકુટુંબ પર આવી પડેલ દુઃખમાં આ સભા અને તેમના તમામ સભાસદો પૂરી હમદર્દી પૂર્વક દીલસોજી પ્રદર્શિત કરે છે અને રાજકુટુંબને આવી પડેલ દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે તેમ પ્રાર્થના કરે છે.

સ્વર્ગસ્થને ભાવનગર **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા** તરફથી ઘણા જ માન અને ભાવપૂર્વક અમો અંજલી અર્પીએ છીએ અને સ્વર્ગસ્થના આત્માની પરમ શાંતિ અર્થે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

આ ઠરાવ સભાના મહેરબાન પ્રમુખ સાહેબની સહીથી રાજકુટુંબ પર મોકલી આપવા સત્તા આપવામાં આવે છે.

## સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ પંડિત લાલચન્દ્રજીનું મુંબઈમાં સુયોગ્ય સન્માન

આચાર્યપદ પ્રદાન સમિતિમાં મુંબઈ ખાતે તા. ૯-૨-૬૫ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના નાયબ શિક્ષણ સચિવ ડૉ. કૈલાસના હસ્તે વડોદરા નિવાસી પંડિત લાલચન્દ્ર ભગવાનદાસ ગાંધીને પ્રાચ્ય વિદ્યા અંગે એમણે કરેલી નોંધપાત્ર સેવાઓને લક્ષમાં લઈને 'પ્રાચ્ય વિદ્યા વિશારદ' અને પંડિત રત્નની પદવી અર્પણ કરવામાં આવેલ છે. ઉપરાંત સચિવશ્રીના હસ્તે એમને એક સુંદર શાલ પણ ભેટ આપવામાં આવેલ છે. પ્રત્યુતરમાં પંડિતજીએ એમના આ સન્માન માટે આભાર દર્શનનું પ્રવચન કર્યું હતું. અને ત્યાર બાદ સભાનું કામકાજ સમાપ્ત થયું હતું.


—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

## समालोचना

१. श्री प्राकृत विज्ञान पाठमाला, संपादक: श्री चंद्रोदयविजयजीगणि, तृतीया वृत्तिः पुस्तक प्राप्तिस्थान: श्री जैन प्रकाशन मंदिर, ३०१/४ दोशीवाडानी पोळ–अमदावाद १.

आ ग्रंथ प्राकृत भाषाना अभ्यासी माटे एक आशिर्वाद छे. प्राकृत भाषाना अभ्यास माटे आ पुस्तक सर्वोत्कृष्ट छे. परिशिष्ट धातुना रुपो माटे सारु मार्गदर्शन आपे तेम छे.

**૨. મોક્ષ શાસ્ત્ર અર્થાત્ તત્ત્વાર્થ સૂત્ર.**

ટીકા સંગ્રાહક રામજી માણેકચંદ દોશી એડવોકેટ, પ્રકાશક શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) શા વલભદાસ ગુલાબચંદ તળાજાવાળા તરફથી ભેટ મળેલ છે. આ શાસ્ત્રની પડતર કિંમત લગભગ રૂા. ૭–૦૦ થાય છે પરંતુ મુમુક્ષુઓ આ શાસ્ત્રનો લાભ લઈ શકે તે હેતુએ આ શાસ્ત્રની કિંમત રૂા. ૪–૦૦ રાખેલ છે.

જૈન સમાજમાં આ શાસ્ત્ર અત્યંત પ્રસિદ્ધ છે. આની એ વિશેષતા છે કે જૈન આગમોમાં સંસ્કૃત ભાષામાં સર્વપ્રથમ આ શાસ્ત્ર લખાયું છે. આ શાસ્ત્રની રચના ઘણી જ આકર્ષક છે. અલ્પ શબ્દોમાં દરેક સૂત્રની રચના છે. સૂત્રો પણ સહેલાઈથી યાદ રાખી શકાય તેવા છે. ઘણા જૈનો આ સૂત્રોને મોઢે કરે છે. આ શાસ્ત્ર કુલ દશ અધ્યાયોમાં વિભક્ત છે અને તેમાં કુલ ૩૫૭ સૂત્રો છે.

**૩. શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા** ( ભાગ–૧–૨ ) દ્વિતીયાવૃત્તિ, પ્રકાશક–શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ–સોનગઢ ( સૌરાષ્ટ્ર ) કિંમત રૂા. ૧–૧૨

વિક્રમ સંવત ૨૦૧૦ના શ્રાવણ માસમાં પ્રૌઢ જૈન શિક્ષણ વર્ગ ચાલ્યો હતો. વર્ગમાં જે વિષયોનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. તે પરના ઉપયોગી પ્રશ્નોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ પુસ્તક તત્વના જિજ્ઞાસુઓને ઉપયોગી હોય તેમ જણાય છે.

**૪. જૈન બાળપોથી :** સંકલનકાર–હરિલાલ જૈન. કિંમત ૦–૨૫ પૈસા. પ્રકાશક–શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ–સોનગઢ.

આઠ દશ વર્ષના બાળકો હોંશપૂર્વક તત્વજ્ઞાનનો અભ્યાસ કરી શકે તે માટે આ બાળપોથીમાં ભગવાન મહાવીરસ્વામીનું ટૂંકું જીવન ચરિત્ર આપવામાં આવેલ છે. દરેક પાઠમાં વિષયો અનુસાર ચિત્રો પણ આપેલ છે.

**૫. વીણેલાં ફુલડાં :** સંગ્રાહક–શા અમુલખ જગજીવન, પ્રકાશક–મોહનલાલ જગજીવન.

આ પુસ્તકમાં છપાયેલ વાકયો અમુક પુસ્તકો, માસિકો તથા વર્તમાન પત્રો વગેરેમાંથી ચુંટી કાઢેલા છે હંમેશાં આ વાકયો વાંચી મનન કરવાથી લાભ થશે.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only